# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જુનાગઢ

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


***પરિપત્ર:***

**વિષય: શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં વિદ્યાર્થીઓના પ્રવેશ દરમિયાન માર્ગદર્શન બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે **શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં** **GCAS PORTAL** અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા કાર્યરત છે.જે અંતર્ગત,

***સ્નાતક કક્ષામાં વિદ્યાર્થીઓને એડમીશન અંતર્ગત ધ્યાનમાં રાખવા જેવી બાબતો.:***

૧. પ્રથમ તબક્કાના બીજા રાઉન્ડમાં સંસ્થા/કોલેજ દ્વારા ઓફર જનરેટ કરવામાં આવશે.જેમાં કેટેગરીવાઈસ ઓફર જનરેટ કરી શકશો.***વિદ્યાર્થીઓ દ્વારા આપની સંસ્થા/કોલેજ પસંદ કરેલ હશે તેવા વિદ્યાર્થીઓને ઓફર જનરેટ કરી શકાશે***.પરંતુ **એડમીશન કન્ફર્મ આપશ્રીની સંસ્થા/કોલેજની મંજુર થયેલ ઇન્ટેકમાં જ કન્ફર્મ થશે**.જેની સર્વે આચાર્યશ્રીઓ દ્વારા નોંધ લેવી. ઓફર વધારે જનરેટ કરેલ હશે પરંતુ એડમીશન કન્ફર્મ આપશ્રીની સંસ્થા/કોલેજની ઇન્ટેકની મર્યાદામાં થશે.જેમાં વિદ્યાર્થીને લગતા પ્રશ્નોની જવાબદારી જે તે સંસ્થા/કોલેજની રહેશે.

૨. સંસ્થા/કોલેજ દ્વારા પ્રથમ રાઉન્ડમાં ઓફર કરેલ છે તો તેવા વિદ્યાર્થી ત્યારબાદના રાઉન્ડમાં નહિ મળે પ્રવેશ કન્ફર્મ કરેલ હોય કે નાં હોય.જે વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરેલ નથી તો પ્રથમ રાઉન્ડમાં મળેલ ઓફર સિવાય જો કોઈ ચોઇસ બાકી હશે તો તેમાં પ્રવેશ માટે ઓફર મળશે. ***વિદ્યાર્થી દ્વારા મળેલ ઓફરમાં એડમીશન કન્ફર્મ કરાવેલ નથી તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ બીજા તબક્કામાં કરવામાં આવશે.***

૩. જે વિદ્યાર્થી દ્વારા પ્રથમ રાઉન્ડમાં એડમીશન ફોર્મ સબમિટ કરેલ છે પરંતુ વેરીફાય નથી કરાવેલ તેવા વિદ્યાર્થી બીજા તબક્કામાં વેરીફાય કરાવી શકશે.આવા વિદ્યાર્થીનું મેરીટ બીજા તબ્બકા દરમિયાન જનરેટ થશે.

૪. જે વિદ્યાર્થી દ્વારા પ્રથમ તબક્કાના પ્રથમ રાઉન્ડમાં એડમીશન રદ કરાવેલ છે અથવા તો અરજીમાં ક્ષતિના કારણે એડમીશન રદ કરેલ છે તથા વિદ્યાર્થીના એડમીશન ફોર્મમાં ક્ષતિ રહી ગયેલ છે તથા **વિદ્યાર્થી કોલેજ,પ્રોગ્રામ,મુખ્ય વિષય** બદલવા ઈચ્છે છે તેવા વિદ્યાર્થી GCASની ગાઈડલાઈન મુજબ **તા:૧૩/૦૬/૨૦૨૫ થી તા:૧૫/૦૬/૨૦૨૫** સુધીમાં બદલી શકશે.**આવા બધા વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવિષ્ટ બીજા તબક્કામાં કરવામાં આવશે.**

૫. અનુસ્નાતક/સ્નાતક કક્ષા**(LL.B/LL.M,B.ED/M.ED સિવાય)**ના ફોર્મ વેરીફાય કરતી વખતે વિદ્યાર્થીના એક્ષ્ટર્નલ તથા ઇન્ટરનલ માર્કસની એન્ટ્રી બરાબર કરેલ છે તથા અન્ય વિગતો ધ્યાનથી વેરીફાય કરવા દરેક સંસ્થા/કોલેજને જણાવવામાં આવે છે.

૬.દરેક સંસ્થા/કોલેજના લોગીનમાં પ્રિન્ટ રીપોર્ટ આપેલ છે જેમાં ઓફર ડીટેઈલ્સ લીસ્ટ ડાઉનલોડ કરવાથી જરૂરિયાત દરેક માહિતી મળી રહેશે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૨૭/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૨/૦૬/૨૦૨૫

**પ્રતિ,**- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-** (૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ. ૨) આઇ.ટી સેલ વિભાગ


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in